### ફોગિંગના અભાવે ઘરે-ઘરે માંદગીના ખાટલા, સરકારી અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ

# કપડવંજ શહેરમાં મચ્છરોનો આતંક પાલિકા ઘોર નિંદ્રામાં પોઢતાં રોષ

**ઉનાળાના** પ્રારંભે પણ મચ્છરોનો ઉપદ્રવ યથાવત રહેતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત

(પ્રતિનિધિ) કપડવંજ, તા.3

કપડવંજ શહેરમાં છેલ્લા ઘણા સમયથી મચ્છરોનો ત્રાસ અસહ્ય હદે વધી ગયો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં મચ્છરજન્ય રોગચાળો વકરવાની ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય રીતે શિયાળામાં મચ્છરોનો ઉપદ્રવ જોવા મળતો હોય છે, પરંતુ આશ્ચર્યજનક રીતે ઉનાળો શરૂ થવા છતાં આ સમસ્યામાં કોઈ ઘટાડો થયો નથી. શહેરના સોસાયટી વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે સાંજ પડતાની સાથે જ લોકોનું જીવવું દુષ્કર બની ગયું છે.

કપડવંજ નગરપાલિકાનો વિસ્તાર દિન-પ્રતિદિન વિસ્તરી રહ્યો છે, જેની સામે સ્વચ્છતાની જાળવણી કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું હોવાનું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાલિકા દ્વારા યોગ્ય સમયે ફોગિંગ કે દવાનો છંટકાવ કરવામાં આવતો નથી. આ નિષ્ક્રિયતાને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છરજન્ય બીમારીઓના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.

હાલની પરિસ્થિતિ એવી છે કે શહેરના સરકારી દવાખાનાઓ તેમજ ખાનગી હોસ્પિટલોમાં તાવ અને મચ્છરજન્ય રોગોથી પીડાતા દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. જો પાલિકા તંત્ર દ્વારા હજુ પણ સત્વરે યુદ્ધના ધોરણે ફોગિંગ અને દવાનો છંટકાવ શરૂ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે અને રોગચાળો બેકાબૂ બને તેવી શક્યતાઓ છે. આથી, કપડવંજ શહેર સહિત આસપાસના ગામોમાં પણ તાત્કાલિક ફોગીં કરવા માગણી ઉઠી છે.

**પાલિકાની નિષ્ફળતા સામે જનરોષ**

કપડવંજ શહેરનો વિસ્તાર વધ્યો છે પણ સુવિધાઓ ઠેરની ઠેર છે. કપડવંજ નગરપાલિકા મચ્છરો પર કાબૂ મેળવવા માટે ફોગિંગ કરવામાં સદંતર નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ જનતા કરી રહી છે. સામાન્ય રીતે ગરમી વધતા મચ્છરોનું પ્રમાણ ઘટે છે, પરંતુ કપડવંજમાં સ્થિતિ ઉલટી છે. ભર ઉનાળે પણ મચ્છરોનો ત્રાસ વધતા લોકો પરેશાન થઈ ગયા છે અને માંદગીના બિછાને પડ્યા છે.


## વડતાલધામમાં દિવ્ય રંગોત્સવની ભવ્ય ઉજવણી: 50 હજારથી વધુ ભક્તો રંગે ભીંજાયા





શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામમાં ફાગણી પૂનમના પવિત્ર અવસરે 210મો દિવ્ય રંગોત્સવ અત્યંત ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ખેડા જિલ્લાના આ સૌથી મોટા રંગોત્સવમાં 50 હજારથી વધુ હરિભક્તોએ ઉમટી પડીને દર્શન અને ભક્તિનો લાભ લીધો હતો. આ ઉત્સવની શરૂઆતમાં આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે સંતો અને યજમાન પરિવાર સાથે શ્રીજીનું પૂજન અને આરતી કરી હતી. આશરે 50 હજાર ચોરસ ફૂટના વિશાળ રંગમંડપમાં આચાર્ય અને વરિષ્ઠ સંતોએ હરિભક્તો પર પ્રસાદીના કેસુડાના રંગનો છંટકાવ કર્યો હતો. 80થી 100 ફૂટ ઊંચા વિવિધ રંગીન ફુવારાઓ અને પુષ્પવર્ષાને કારણે સમગ્ર આકાશ રંગમય બની ગયું હતું. આ મહોત્સવ દરમિયાન સંગીતના સથવારે યુવા ભક્તો મન મૂકીને ઝૂમ્યા હતા.

## લુણાવાડામાં આસ્થાભેર 'હોલિકા દહન' ઉજવાયું: ભક્તોએ શ્રીફળ હોમી સુખ-શાંતિની પ્રાર્થના કરી



મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં પરંપરાગત રીતે અને અત્યંત ઉત્સાહપૂર્વક હોલિકા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન આ પર્વ નિમિત્તે સમગ્ર શહેર ભક્તિમય રંગે રંગાયું હતું. લુણાવાડા શહેરના વિવિધ વિસ્તારો અને મુખ્ય ચોક પર હોલિકાની સ્થાપના કરી શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાનો અને બાળકોએ ઉમટી પડી હોલિકાની પ્રદક્ષિણા કરી હતી. શ્રદ્ધાળુઓએ હોલિકામાં શ્રીફળ હોમી તેમજ ધાણી-ખજૂરનો પ્રસાદ ચઢાવી ધન્યતા અનુભવી હતી. ગ્રામજનોએ હોલિકા દહન દ્વારા અનિષ્ટનો નાશ થાય અને ગામમાં સુખ-શાંતિ જળવાઈ રહે તેવી પ્રાર્થના સાથે એકબીજાને પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. **તસવીર : ચિંતન પટેલ**

# ચકલાસી નપાનું ટેન્ડર પાછું ખેંચવા કોન્ટ્રાક્ટરને ધમકી

**પાલિકાના** સભ્યના સગાને કામ અપાવવા રાત્રે ઘરે જઈ આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

નડિયાદ તાલુકાના ડુમરાલ ગામે રહેતા અને છેલ્લા 30 વર્ષથી પાલિકામાં કોન્ટ્રાક્ટર તરીકે સેવા આપતા કાર્તિકભાઈ પંડ્યાને ચકલાસી નગરપાલિકાનું ઓનલાઈન ટેન્ડર પાછું ખેંચી લેવા માટે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે.

ડુમરાલની ગોકુલધામ સોસાયટીમાં રહેતા કાર્તિકભાઈ પંડ્યાએ દેસાઈ કન્સ્ટ્રક્શનના નામે ચકલાસી નગરપાલિકાના સીસી રોડના વિકાસ કામ માટે ઓનલાઈન ટેન્ડર ભર્યું હતું. આ દરમિયાન પાલિકાના વોર્ડ નં. 7ના સભ્ય શૈલેષભાઈ વાઘેલાએ આ ટેન્ડર તેમના સગા લક્ષ્મણસિંહ રાઠોડને આપવાનું કહી દબાણ કર્યું હતું. જોકે, ઓનલાઈન પ્રક્રિયા હોવાથી કાર્તિકભાઈએ ટેન્ડર રાખવાની મક્કમતા દર્શાવી હતી. આ બાબતની અદાવત રાખી, ગત 28મી ફેબ્રુઆરીએ રાત્રે મનોજ હિમતસિંહ ઝાલા ફરિયાદીના ઘરે પહોંચ્યો હતો. તેણે કાર્તિકભાઈની પત્ની અને દીકરીની હાજરીમાં ચપ્પુ બતાવી પોતે ગુનાહિત રેકોર્ડ ધરાવતો હોવાની ધાક બતાવી હતી. આ આરોપીએ ધમકી આપી હતી કે, જો બે દિવસમાં ટેન્ડર પાછું નહીં ખેંચાય તો તારી લાશ જ ઘરે આવશે,. આ મામલે નડિયાદ રૂરલ પોલીસે મનોજ ઝાલા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અલીણાના વાણિયાવાડમાં નવી પાઈપલાઈન છતાં ગૃહિણીઓ પરેશાન

# મહુધાના અલીણામાં ઉનાળાની શરૂઆતે જ પાણીનો પોકાર ઉઠ્યો

**નવી લાઈન** નંખાઈ છતાં પ્રેશરથી પાણી ન મળતું હોવાની બૂમ

**તંત્રની** ઉદાસીનતા કારણે લોકો પાણી માટે વલખાં મારે છે

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

મહુધા તાલુકાના અલીણા ગામમાં ઉનાળાના પ્રારંભ સાથે જ પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને ગામના વાણિયાવાડ વિસ્તારમાં નવી પાઈપલાઈન નાખવામાં આવી હોવા છતાં છેલ્લા કેટલાક દિવસોથી પાણી ન આવતા સ્થાનિક રહીશો અને ગૃહિણીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અલીણા ગામની નવી પોસ્ટ પાસે આવેલા વાણિયાવાડ વિસ્તારમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે બે વર્ષ અગાઉ અંદાજે રૂ. 2.50 લાખના ખર્ચે નવી પાઈપલાઈન નાખવામાં આવી હતી. આમ છતાં, આ વિસ્તારમાં પૂરતા પ્રેશરથી પાણી આવતું નથી. ભૌગોલિક પરિસ્થિતિ મુજબ, નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો નળ ખુલ્લા રાખતા હોવાથી પાણીનો વેડફાટ થાય છે, જ્યારે ઉંચાણવાળા વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચતું જ નથી.

આ પરિસ્થિતિને કારણે ગૃહિણીઓને કપડાં, વાસણ અને નહાવા-ધોવા માટેના પાણી માટે ભારે હાલાકી વેઠવી પડે છે. પાણી ખેંચવા માટે રહીશોને ફરજિયાત મોટરનો ઉપયોગ કરવો પડે છે, જેના પરિણામે વીજ બિલમાં પણ મોટો વધારો થઈ રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ બાબતે ગ્રામ પંચાયતના સત્તાધીશોને અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ઉનાળો હજુ તો શરૂ થયો છે ત્યારે જ પાણી માટે વલખાં મારવાની નોબત આવતા ગ્રામજનોમાં સત્તાધીશો સામે આક્રોશ વ્યાપ્યો છે અને ત્વરિત ઉકેલ લાવવા માંગ ઉઠી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ગળતેશ્વરના કુણી ગામે પર્યાવરણલક્ષી 'વૈદિક હોળી'નું ભવ્ય પ્રાગટ્ય

**ગળતેશ્વર |** ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના કુણી ગામે ફાગણી પૂનમના પાવન પર્વે પર્યાવરણના જતન માટે વૈદિક હોળીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ મનિષ પરમાર, સ્થાનિક કાર્યકર્તાઓ અને ગ્રામજનોએ ઉપસ્થિત રહીને આધ્યાત્મિક ઊર્જાની અનુભૂતિ કરી હતી. આ આયોજન દ્વારા નકારાત્મકતાના નાશ અને સામાજિક સમરસતાના સંદેશ સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. હોળીના પવિત્ર દર્શન કરીને નગરજનોએ ધન્યતા અનુભવી હતી.



### આણંદના મોગર પે સેન્ટર પ્રાથમિક કુમાર શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી



**આણંદ |** મોગર પે સેન્ટર પ્રાથમિક કુમાર શાળામાં ડો. સી.વી. રમનની 'રમન ઈફેક્ટ'ની શોધની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ અને જિજ્ઞાસા વધે તે હેતુથી વિવિધ વૈજ્ઞાનિક કૃતિઓનું પ્રદર્શન યોજાયું હતું, જેનો કન્યા શાળાની બાળાઓએ પણ લાભ લીધો હતો. 1930માં નોબેલ પ્રાઈઝ મેળવનાર મહાન વૈજ્ઞાનિકના સન્માનમાં યોજાયેલા આ પ્રદર્શનમાં બાળકોએ નવીનતમ કૃતિઓ રજૂ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિજ્ઞાન જગતની અજાયબીઓ વિશે જાણકારી મેળવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વસોના પેટલી ગામે દીકરીઓના હસ્તે નવનિર્મિત 'પીએમશ્રી' પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું

**વસો |** વસો તાલુકાના પેટલી ગામે ગુજરાત સરકારના સમગ્ર શિક્ષા અભિયાન અને બાલ ગોપાલ ફાઉન્ડેશન યુકેના સહયોગથી નવનિર્મિત પીએમ પ્રાથમિક શાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં શાળામાં જ અભ્યાસ કરતી દીકરીઓના હસ્તે શાળાનું લોકાર્પણ કરી શિક્ષણનો ઉત્સવ ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદ મિતેશભાઈ પટેલ, દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને મુખ્ય દાતા કાંતિભાઈ પટેલ સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખો, શિક્ષકો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતાં.



### નડિયાદની ભદ્રાસા માધ્યમિક શાળામાં 'બેટી બચાઓ બેટી પઢાઓ' અંતર્ગત કિશોરી મેળો યોજાયો



**નડિયાદ |** ભારત સરકારની બેટી બચાઓ બેટી પઢાઓ યોજના હેઠળ નડિયાદની ભદ્રાસા માધ્યમિક શાળા ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કિશોરીઓને આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને મહિલા સુરક્ષા જેવી સરકારી યોજનાઓ વિશે જાગૃત કરી તેમનું સશક્તિકરણ કરવાનો હતો. આ મેળામાં વિદ્યાર્થીનીઓને હાઈજીન કીટ આપવામાં આવી હતી અને તેમનું એનીમિયા તથા હેલ્થ ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું.

### આણંદ એસટી ડેપોના બે કર્મચારીનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

**આણંદ |** આણંદ એસટી ડેપોમાં ફરજ બજાવતા ડ્રાઈવર ભગુભાઈ પટેલ અને ફિરોઝભાઈ વોરાનો વયમર્યાદાને કારણે નિવૃત્તિ વિદાય સમારોહ ટ્રાફિક ઇન્સ્પેક્ટર અક્ષયભાઈ સોનેરાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે આરીફ વહોરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે એટીઆઈ સૈયદભાઈ, શૈલેષભાઈ અને ફકરુભાઈ મલેકે નિવૃત્ત થતા કર્મચારીઓની વર્ષોની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવી હતી. ડેપોના સાથી કર્મચારીઓએ બંને નિવૃત્ત મહાનુભાવોને ફૂલહાર પહેરાવી અને શાલ ઓઢાડીને સન્માનપૂર્વક વિદાય આપી હતી. યુનિયનના આગેવાન સાજીદભાઈના સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો.



### આણંદમાં સિનિયર સિટિઝન ફોરમ દ્વારા ભવ્ય 'સંગીત સંધ્યા' કાર્યક્રમ યોજાયો

**આણંદ |** ચરોતર એજયુકેશન સોસાયટી સંચાલિત સિનિયર સિટિઝન ફોરમ અને શ્રીજી વેલ્થના સહયોગથી રંગારંગ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે જી.એન.ભાવસાર મ્યુઝીકલ ગ્રુપના કલાકારોએ જૂના ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી હતી અને ગ્રુપના 200માં કાર્યક્રમ નિમિત્તે સંચાલક જી.એન. ભાવસારનું વિશેષ સન્માન કરાયું હતું. નિવૃત્તિ બાદના રોકાણ અને આગામી સેવાકીય શિબિરો અંગે સભ્યોને માર્ગદર્શન અપાયું હતું. ફોરમના હોદ્દેદારો દ્વારા કલાકારોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગ્નેશભાઇ કાછીઆએ રમુજ શૈલીમાં કર્યું હતું.



### આણંદમાં ચાર ગામ વિશા ખડાયતા મિત્ર મંડળ દ્વારા ભવ્ય 'હોલી કે રસિયા' ફૂલ ફાગણોત્સવ ઉજવાયો

**આણંદ |** આણંદ ખાતે ગૌસ્વામી 108 ડોક્ટર વાગીશકુમારજીની પાવન ઉપસ્થિતિમાં જ્ઞાતિજનો અને વૈષ્ણવો માટે પ્રથમ વખત આ ભવ્ય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ જીગેશભાઈ કે. શાહ અને શ્રેષ્ઠીઓની હાજરીમાં સંગીતકારોએ પુષ્ટિરાગના સુમધુર ગીતોની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌ લોકોએ એકબીજા પર પુષ્પવર્ષા કરી તેમજ ગરબા અને નૃત્ય દ્વારા આનંદ ઉલ્લાસ સાથે ફાગણોત્સવની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન અંકુરભાઈ અને હિરેનભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.



### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં 140 કિલો ઓર્ગેનિક કલર સાથે 'રંગોત્સવ'ની ભવ્ય ઉજવણી



**પેટલાદ |** પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં હોળી પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉત્સાહભેર રંગોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોને હોળીના પર્વનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને અંદાજે 140 કિલો જેટલા ઓર્ગેનિક કલર તેમજ સંગીતના તાલે સૌ આનંદિત થયા હતા. શાળાના શિક્ષકો દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મનીષભાઈ સુથારે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કપડવંજ પંથકમાં ભક્તિભાવપૂર્વક હોલિકા દહન અને ધુળેટી પર્વની ઉજવણી

**કપડવંજ |** કપડવંજ શહેર અને તાલુકાના વિવિધ સ્થળોએ અસત્ય પર સત્યના વિજયના પ્રતીક રૂપે હોલિકા દહનના કાર્યક્રમો હર્ષોલ્લાસ સાથે યોજાયા હતા. ભક્ત પ્રહલાદની રક્ષાના પૌરાણિક પ્રસંગને યાદ કરી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તજનોએ હોળીની પ્રદક્ષિણા કરી ધર્મલાભ લીધો હતો. આ અગાઉ મુખ્યત્વે 32 કોઠાની વાવ પાસે જ કાર્યક્રમો થતા, પરંતુ હવે પંથકના અનેક વિસ્તારોમાં નાની-મોટી હોળી પ્રગટાવી પર્વની ઉજવણી કરવામાં આવે છે. હોલિકા દહન બાદ બીજા દિવસે લોકોએ એકબીજા પર રંગબેરંગી રંગો અને અબીલ-ગુલાલ છાંટીને ધુળેટીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.



### પેટલાદના પાળજની સરસ્વતી હાઈસ્કૂલમાં વિદાય સમારંભ અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



**પેટલાદ |** પાળજ સ્થિત સરસ્વતી હાઈસ્કૂલમાં ધોરણ 10ના વિદ્યાર્થીઓનો વિદાય સંભારંભ અને ધોરણ 6થી 10ના તેજસ્વી છાત્રો માટે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમેરિકાથી પધારેલા દાતા હરિકૃષ્ણભાઇ ઝેડ. પટેલનું શાળા સમિતિના ઉપપ્રમુખ નગીનભાઈ પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર અને સારા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઇનામો આપી નવાજવામાં આવ્યા હતા. આ અવસરે શાળા સમિતિના પ્રમુખ, કારોબારી સભ્યો અને સમગ્ર શાળા પરિવારના સદસ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે. આંત્રોલી, તાલુકા માતર ગામમાં આવેલ બ્લોક નંબર. 557 વાળી ગૌચરની જમીનમાથી દેશી બાવળ નંગ -33 ઝાડની અંદાજીત કિંમત રૂા.28648/- નક્કી કરેલ છે. જેની હરાજી તા. 09/03/26 સોમવારના રોજ બપોરે 1-00 કલાકે રાખેલ છે.

સહી/- સરપંચ. આંત્રોલી ગ્રામ પંચાયત. તા.માતર, જી. ખેડા.

સહી/- તલાટી કમ મંત્રી આંત્રોલી ગ્રામ પંચાયત. તા.માતર, જી. ખેડા